# રાજનિતીમાં ક્યારેક 'ભોગ' આપ્યા પછી ઓચિંતી 'ભેટ' પણ મળી શકે

ગુજરાતમાં નરેન્દ્ર મોદીનું ૨૦૦૧માં સંપૂર્ણ રાજકીય આગમન થયું ત્યારે તેઓ પહેલાં ચીફ મિનિસ્ટર બન્યા હતા પછી ધારાસભ્ય બન્યા હતા તે સૌ કોઈ જાણે છે. છ મહિનામાં તેઓને ચૂંટણી લડવી પડે તેમ હોવાથી તેમણે પહેલી પસંદ અમદાવાદની એલિસબ્રીજ બેઠક ઉપર ઉતારી હતી, જ્યાં ભાજપના હરેન પંડ્યા ધારાસભ્ય તરીકે સતત ચૂંટાઈ આવતા હતા. તેમને બેઠક ખાલી કરવાનું કહેતા તેમણે ઈન્કાર કરી દીધો હતો તેથી મોદીને રાજકોટ બેઠક ઉપર નજર દોડાવવી પડી હતી. આ બેઠક ઉપર વજુભાઈ વાળા દાવેદાર હતા પરંતુ તેમને પાર્ટી પ્રેસિડેન્ટ બનાવી મોદીએ રાજકોટથી ઝૂકાવ્યું હતું પછી તેમણે ૨૦૦૨માં એ બેઠક વજુભાઈ વાળાને પાછી આપી દીધી હતી. આજે વજુભાઈ વિધાનસભાના અધ્યક્ષ છે...

### નરેન્દ્ર મોદી માટે કેન્દ્રમાં શાસનના પાંચ વર્ષ પૂરાં કરવા ખૂબ સહેલા છે

ભોગવી રહ્યાં છે... રાજનિતીમાં ભોગ આપ્યા પછી ક્યારેક અચાનક ભેટ પણ મળી જતી હોય છે...

**વારાણસીમાં જય હો... વડોદરામાં ભય હો...**

ભાજપના વડાપ્રધાનના ઉમેદવાર નરેન્દ્ર મોદી કઈ બેઠક ખાલી કરે છે તેના ઉપર ચર્ચા શરૂ થઈ છે. પાર્ટીના નેશનલ પ્રેસિડેન્ટ રાજનાથસિંહે વારાણસીમાં એવો ઈશારો કર્યો છે કે મારી માતૃભૂમિ એ મોદીની કર્મભૂમિ બનશે... એટલે કે મોદી વારાણસી બેઠક જાળવી રાખશે અને વડોદરા બેઠક ખાલી કરશે... હકીકતમાં તો મોદી કહે તેમ થવાનું છે. મોદીએ બન્ને બેઠકો ઉપર વિકાસના વાયદા કર્યા છે. સવાલ એ છે કે મોદી કઈ બેઠક જાળવી રાખે છે અને કઈ બેઠક ખાલી કરે છે...

### દિલ્હીમાં ભાજપ અને ગુજરાતમાં કોંગ્રેસ માટે અચ્છે દિન આને વાલે હૈ

### મોદી વિનાની નવી કેબિનેટમાં કોઈ કપાશે, કોઈ નવા ઉમેરાશે, ભય હો...

**ટાઈમ લાઈન**
- ગૌતમ પુરોહિત

ભાજપના પહેલા વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી ગાંધીનગર અને લખનૌ એમ બન્ને જગ્યાએથી ચૂંટણી લડ્યા હતા અને બન્ને જગ્યાએ જીત્યા હતા. તેમણે તેમની





મોદીએ ૨૦૦૨માં વિધાનસભામાં અમદાવાદની મણીનગર બેઠક ખાલી કરાવી હતી જે બેઠક ઉપરથી ભાજપના કમલેશ પટેલ ચૂંટાઈ આવે છે. કમલેશ પટેલે રાજીખુશી આ બેઠક મોદીને આપી દીધી, પરિણામે મોદી સતત ત્રણ ટર્મથી મણીનગરની બેઠક ઉપરથી જીતીને ચીફ મિનિસ્ટર બને છે પણ હવે કમલેશ પટેલને પણ બદલો ચૂકવવાનો સમય આવી ગયો છે. લોકસભાની બેઠક જીતીને મોદી મણીનગર બેઠક ખાલી કરી દેશે, જયાંથી કમલેશ પટેલને ટિકીટ આપવાનો મોદીનો પ્લાન છે, કારણ કે કમલેશ પટેલ છેલ્લા ૧૨ વર્ષથી રાજકીય વનવાસ

માતૃભૂમિ લખનૌની બેઠક જાળવી રાખી ગાંધીનગરની બેઠક ખાલી કરી હતી, પરંતુ નરેન્દ્ર મોદી તેમની બન્ને બેઠકો પૈકી વડોદરાની બેઠક ખાલી કરે તેવી સંભાવના છે, કારણ કે આ બેઠક ઉપરથી અમિત શાહને લોકસભામાં લઈ જવાનો પ્લાન હોય તેવું જણાઈ આવે છે. વારાણસી બેઠક જાળવી રાખવા પાછળનું મુખ્ય કારણ ઉત્તરપ્રદેશને કર્મભૂમિ બનાવવાનું પણ હોઈ શકે છે, કારણ કે ગુજરાતમાં તો મોદી તેમનો જુવાળ ૧૩ વર્ષ પછી પણ અકબંધ રાખી શક્યા છે, હવે યુપીમાં પગદંડો જમાવવાનો છે...

● અનુસંધાન પાન-૭ પર

# સે-૨૧માં વિકટ બનતી પાર્કિંગ સમસ્યા

## મુખ્ય શોપીંગ સેન્ટરની આસપાસ વાહનોના આડેધડ ખડકલા જામે છે : ટ્રાફિક પોલીસ નિષ્ક્રિય





(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના મુખ્ય શોપીંગ સેન્ટર સેક્ટર-૨૧ ખાતે પાર્કિંગની સમસ્યા દિવસે દિવસે ઘેરી બનતી જાય છે. વ્યવસ્થિત પાર્કિંગ માટે ઘણા આયોજનો થયા છે, પરંતુ અહીં હંમેશા આડેધડ વાહનો પાર્ક થયેલા જોવા મળે છે. જેના કારણે વારંવાર અહીં અવ્યવસ્થા સર્જાય છે.

સેક્ટર-૨૧ મુખ્ય શોપીંગ સેન્ટર વિસ્તારમાં પાર્કિંગની સમસ્યાને દૂર કરવા થોડાક વર્ષો અગાઉ અહીં ફેન્સીંગ કરી પાકુ પાર્કિંગ પ્લેસ બનાવાયું હતુ. જો કે તે પછી આ સમસ્યા વધુ વિકરાળ બની છે. પાર્કિંગની જગ્યામાં આડેધડ લારી-ગલ્લાવાળાઓ ઉભા રહી જાય છે તેના પરિણામે વાહનચાલકો જ્યાં ત્યાં પોતાના વાહનો પાર્ક કરી દે છે. મુખ્ય માર્ગ પર અને અંદરના સર્વિસ રોડ પર વાહનોનો જમાવડો થઈ જાય છે. ખાસ કરીને શનિ-રવિની રજાઓ દરમ્યાન અહીં પાર્કિંગની સમસ્યા વધુ ઘેરી બને છે અને વાહનચાલકોને તકલીફોનો સામનો કરવો પડે છે.

વળી નવાઈની વાત તો એ છે કે અહીં હંમેશા ટ્રાફિક પોલીસનો એક પોઈન્ટ હોય છે. ટ્રાફિક પોલીસ પાર્કિંગની સમસ્યાને દૂર કરવા માટે કોઈ પગલા લેતી ન હોવાનું અહીંના સ્થાનિક દુકાનદારો અને વાહનચાલકોનો આક્ષેપ છે.

# ઘ-૪ વિસ્તારમાં કાયમી ટ્રાફિક આઈલેન્ડ બનાવવાનું કામ શરૂ

### સર્કલની બીજી તરફ પણ આઈલેન્ડ બનાવાશે

ગાંધીનગર, તા. ૧૧

શહેરના ઘ-૪ વિસ્તારમાં અગાઉ પ્રાયોગિક ધોરણે બનાવાયેલા ટ્રાફિક આઈલેન્ડ અસરકારક હોવાનુ સ્પષ્ટ થતા તંત્ર દ્વારા સર્કલની બન્ને બાજુ કાયમી ટ્રાફિક આઈલેન્ડ બનાવવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. સર્કલની એક તરફ આઈલેન્ડ બનાવી દેવાયા બાદ હાલ બીજી તરફ પણ કામગીરી શરૂ કરી દેવાઈ છે.

ગાંધીનગરના હાર્દસમા ગ-૪થી ચ-૪ વિસ્તારમાં સ્વર્ણિમ પાર્કના ડ્રીમ પ્રોજેક્ટનું કામ પ્રગતિ હેઠળ છે. હાલ ઘ-૪થી ચ-૪ વચ્ચેના બેલ્ટમાં સ્વર્ણિમ પાર્કની કામગીરી ચાલી રહી છે. જ્યારે સ્વર્ણિમ પાર્કના પ્રોજેક્ટને અનુલક્ષી તંત્ર દ્વારા બન્ને માર્ગો તોડી પાડવામાં આવ્યા છે. હાલ ઉદ્યોગભવન અને ટાઉનહોલ પાસેના સર્વિસ રોડ ઉપર વાહનચાલકોની અવરજવર જોવા મળે છે. આ વિસ્તારમાં ઉદ્યોગભવન સહીતની અનેક કચેરીઓ હોવાના લીધે દિવસ દરમિયાન ટ્રાફિકનો ધમધમાટ જોવા મળે છે. જેના પરિણામે આ વિસ્તારમાં વાહનચાલકો રોંગ સાઈડમાં જતા હોવાની સાથે વારંવાર ટ્રાફિક જામના દૃશ્યો સર્જાતા હોવાનુ ધ્યાને આવ્યુંહતું. માર્ગ સલામતી જોખમાતા તંત્ર દ્વારા આ મામલે સર્કલ આસપાસ પ્રાયોગિક ધોરણે ટ્રાફિક આઈલેન્ડ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જ્યારે આઈલેન્ડ બનાવવાની યોજના ટ્રાફિકને યોગ્ય રીતે ડાયવર્ટ કરવામાં સફળ રહેતા તંત્ર દ્વારા કાયમી ધોરણે આઈલેન્ડ બનાવવાનું કામ શરૂ કરી દેવાયું છે. ઘ-૪ સર્કલની એકબાજુ આઈલેન્ડ તૈયાર કરી દેવાયો છે જ્યારે બીજી તરફ પણ આઈલેન્ડ બનાવવાનું કામ ટુંકમાં શરૂ કરી દેવાશે.

# વારાણસીમાં મતદાનને પગલે ગાંધીનગરમાં ભારે ઉત્તેજના

### ગાંધીનગરથી વારાણસી સુધી એક ચર્ચા 'શુ થશે બોસ'

ગાંધીનગર, તા. ૧૧

લોકસભાની ચૂંટણીના અંતિમ અને નવમા તબક્કા માટે આજે ૧૨ મી મે ના રોજ ત્રણ રાજ્યોને આવરી લેતી ૪૧ બેઠકો પર મતદાન યોજાશે. હાઈ પ્રોફાઈલ ગણાતી વારાણસીની બેઠક પર આજે યોજાનાર મતદાનને લઈ સૌની નજર વારાણસી પર કેન્દ્રીત થઈ ગઈ છે. પરિણામે વારાણસીથી લઈ છેક ગાંધીનગર સુધી 'હવે શુ લાગે છે' તેને લઈ લોકોમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. જેથી હાલ ગાંધીનગરમાં આ ચર્ચા ટોક ઓફ ધ ટાઉન બની છે.

વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતા ભારતમાં નવી સરકારની રચના માટે ચૂંટણી પ્રક્રિયા હાલ તેના અંતિમ તબક્કામાં પહોંચી છે. જેને લઈ આજે ૧૨મી મેએ ૪૧ બેઠકો માટે મતદાન યોજાશે. ૪૧ બેઠકો પૈકી સૌથી હાઈપ્રોફાઈલ ગણાતી વારાણસી બેઠક પરથી અનેક દિગ્ગજ ઉમેદવાર મેદાનમાં છે. જેમાં ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી, કોંગ્રેસના ઉમેદવાર અજયરાય અને આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલનો સમાવેશ થાય છે. ત્રણેય રાજકીય પાર્ટીના દિગ્ગજ વચ્ચે ભારે રસાકસી ભર્યા જંગ જામ્યો છે ત્યારે વારાણસી બેઠક પર તમામ રાજકીય પક્ષોની મીટ મંડાઈ છે. ભાજપ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ ભારે જનમેદની સાથે રોડ શૉ યોજી પોતાની તમામ તાકાત લગાવી દીધી છે. તમામ રાજકીય પક્ષોના નેતાઓ, વિચારકો, કાર્યકરો, સમર્થકો, પક્ષ પ્રેમીઓ આ ઐતિહાસિક ચૂંટણીને પારખવા નિહાળવા વારાણસી દોડી ગયા છે. તો બીજી તરફ દેશ અને દુનિયાના ઈલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મીડીયાના પ્રતિનિધિ પણ છેલ્લા ૧૫ દિવસથી અહી ડેરા તંબુ તાણી બેઠા છે. આથી ધાર્મિક નગરી વારાણસીમાં એક અલગ જ રાજકીય ગરમાઓ આવી

● અનુસંધાન પાન-૭ પર

# રાજકોટ-ભાવનગરમાં ગાજવીજ સાથે કમોસમી વરસાદ વરસ્યો

ગાંધીનગર, તા. ૧૧

ભર ઉનાળે રાજ્યના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ થતાં કેટલાક કૃષિ પાકોને ભારે નુકશાન થવા પામ્યું હોવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

રાજ્ય પૂર નિયંત્રણ કક્ષના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં એક તરફ કાળઝાળ ગરમી પડી રહી છે તો બીજી બાજુ રાજ્યના કેટલાક વિસ્તારોમાં હવામાનમાં પલટો આવવા પામ્યો છે. સૌરાષ્ટ્રના રાજકોટ અને ભાવનગરમાં વાતાવરણ પલટાયુ હતુ અને વાદળછાયા વાતાવરણ થયા બાદ એકાએક ગાજવીજના કડાકા સાથે કમોસમી વરસાદના ઝાપટા પડ્યા હતા.

ભાવનગર જિલ્લામાં ભાવનગર શહેર, શિહોર અને પાલીતાણા વિસ્તારમાં પણ કમોસમી વરસાદ થતા ઠેરઠેર માર્ગો પર પાણી ભરાઈ જવા પામ્યા હતા. સૌરાષ્ટ્ર ઉપરાંત મધ્ય ગુજરાતના પણ કેટલાક વિસ્તારોમાં વાવાઝોડુ ફુંકાવા સાથે કમોસમી વરસાદ થવા પામ્યો હોવાના અહેવાલો પણ સાંપડ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ ભર ઉનાળે વાતાવરણ પલટાતા અને કમોસમી વરસાદ થતા રાજ્યમાં કેટલાક વિસ્તારોમાં કૃષિ પાકોને ભારે નુકશાન થતા ખેડૂતોને મોટુ આર્થિક નુકશાન થવા પામ્યું હોવાના અહેવાલો સાંપડ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ મધ્ય ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વાવાઝોડા સાથે કમોસમી વરસાદ થતા કેરી, રાયણ, બાજરી, પપૈયા જેવા પાકોને ભારે નુકસાન થતા ખેડૂતોને મોટુ આર્થિક નુકશાન થવા પામ્યું હોવાનું જાણવા મળે છે.

# જીમખાનાના સ્વીમીંગ પુલમાં કાળઝાળ ગરમીમાં ઠંડકની અનુભૂતિ



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના શહેરીજનો અંગ દઝાડતી ગરમીમાં જીમખાનાના સ્નાનાગરમાં છબછબીયા કરી શરીરમાં ઠંડકનો અહેસાસ મેળવી રહ્યા છે. સેક્ટર-૧૯માં આવેલા આ જીમખાનામાં દૈનિક ૨૦૦થી વધારે સભ્યો સ્વીમીંગપૂલમાં સ્નાનનો આનંદ લઈ રહ્યા છે. દિનભર ત્રણ કોચની સખત નિગરાની હેઠળ તમામ પ્રકારની કાળજી સાથે સ્નાન કે તરવાની તાલીમ અપાઈ રહી છે. જો કે શહેરીજનોનો ગરમીથી છુટકારો મેળવવા અને થોડો સમય શરીરને પાણીથી તરબોળ રાખી ટાઢક પ્રાપ્ત કરવી એ મુખ્ય ઉદ્દેશ્ય બન્યો છે.

સેક્ટર-૧૯ના જીમખાનાનો સ્વીમીંગ પૂલ હાલમાં શહેરીજનોના આગમનથી હર્યોભર્યો બન્યો છે. સરકારી આ સગવડનો લાભ લગભગ દૈનિક ૨૦૦ સભ્યો લઈ રહ્યા છે. જેમાં સ્વીમીંગપૂલના નિયમો મુજબ તબીબી ફીટનેશ સર્ટીફીકેટ, સભ્ય ફી અને સમયનું પાલન અગત્યનું છે. માર્ચના મધ્યમાંથી શરૂ થતા સ્વીમીંગ પૂલમાં દિવાળી સુધી સ્વીમીંગ ચાલુ રહે છે. દૈનિક સવારે ૬ થી ૯.૧૫ અને સાંજે ૪.૪૫ થી ૮ સુધી કુલ આઠ બેચ સ્વીમીંગ કરે છે. અત્રે શિખવા આવતા, કાયમી આવતા, બહેનો માટે અને જીમખાનાના સભ્યો માટે અલગ અલગ બેન્ચ ગોઠવી છે.

સ્વીમીંગપૂલનું નિર્મળ પાણી નિયમિત રીતે બદલાય છે અને ક્લોરીનેશન પણ કરાય છે. સભ્યોનું આવાગમનનું રજીસ્ટર પણ નિભાવાય છે. તેમજ ઓળખ કાર્ડ પણ સભ્યોને અપાયુ છે જેથી અન્ય બહારની વ્યક્તિ ગેરકાયદેસર પ્રવેશ કરી શકે નહી. મેનેજર જે.એન. ચંપાવતે ઉપરોક્ત માહિતી આપતા જણાવ્યું હતું કે તમામ પ્રકારની કાળજી

● અનુસંધાન પાન-૭ પર

# ફરી હવામાનમાં પલટાની આગાહી ભારે આંધી સાથે વરસાદની વકી

ગાંધીનગર, તા. ૧૧

વાતાવરણમાં ભર ઉનાળે એકાએક ફેરફારો દેખાવા લાગ્યા છે. રાજ્યમાં કેટલાક ભાગોમાં હળવા વરસાદના ઝાપટા પડ્યા હોવાનું નોંધાયું છે. ગાંધીનગરના હવામાન શાસ્ત્રી અંબારામ પટેલે હજુયે હવામાનમાં પલટાથી આંધી સાથે વરસાદની વકી હોવાની આગાહી કરી છે.

વૈશાખ વદમાં હવામાન પલટા અંગે ભૂ-ભૌગોલિક બાબતો તેમજ ગ્રહોના નાડીનક્ષત્ર ફેરફાર વિગેરે યોગો તેમજ અગ્નિતત્વના યોગો જોતા વૈશાખસુદમાં હવાના દબાણ ઉભા થવાથી ઘણીવાર આંધી સાથે વરસાદની વકી તો વળી મે ના મધ્ય બાદ કાળઝાળ ગરમીની પણ વકી રહે. આમ બેવડા હવામાનથી ઉષ્ણતામાનમાં વધઘટ પણ થઈ શકે. મે માસમાં દેશના ઘણા ભાગોમાં મહત્તમ ઉષ્ણતામાનનો આંક ૪૫ ડીગ્રી સેલ્શીયસને પણ વટાવી જાય. દિલ્હી, બિહાર, મહારાષ્ટ્ર વિદર્ભમાં ગરમી ૪૩ ડિગ્રીથી વધુ થાય. ગુજરાત સૌરાષ્ટ્રના ભાગોમાં પણ કારમી ગરમી પડે. સૌરાષ્ટ્ર-ઉત્તર ગુજરાત, કચ્છના ભાગોમાં મહત્તમ ઉષ્ણતામાનનો આંક ૪૪ ડીગ્રી સેલ્સીયસ જેટલો થવાની વકી રહે. અમદાવાદ, દાહોદ, વડોદરામાં કાળઝાળ ગરમી પડે, દરિયા કિનારાના ભાગોમાં ૪૧ ડીગ્રી સેલ્સીયસ જેટલુ ઉષ્ણતામાન થઈ જાય. ગરમીના પગલે હવામાનમાં ફેરફાર થતા દિલ્હી, હરિયાણા અને રાજસ્થાનના ભાગોમાં ભારે આંધી સાથે વરસાદ પડવાની વકી રહે. મે તા. ૧૬ થી ૧૮માં આંદામાન-નીકોબાર ટાપુઓના ઘણા ભાગો, ઓરીસ્સા, કેરળ, તેમજ દક્ષિણના કેટલાક સ્થળોએ ઝાપટા પડે. હિમાલયન, પશ્ચિમ બંગાળ, સિક્કીમ, હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીરના કેટલાક ભાગો, આસામ, મેઘાલય, પૂર્વિય ઉત્તરપ્રદેશ, વિદર્ભ અને તામિલનાડુના દુરના ક્ષેત્રમાં વરસાદી ઝાપટા પડવાની વકી રહે. અરૂણાચલ પ્રદેશ આસામ મેઘાલય, નાગાલેન્ડ, મણીપુર, મીઝોરમ, ત્રિપુરા, દક્ષિણ આંદામાન સમુદ્ર પર પણ વરસાદની વકી રહે. મે-તા. ૨૦ સુધીમાં દક્ષિણ-પૂર્વ ઉપસાગર પર ભારે વરસાદની વકી રહે. ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છના ભાગોમાં મે. તા. ૧૨ થી ૧૪માં આંધી સાથે વાદળવાયુ જણાય. ક્યાંક ક્યાંક વીજળી સાથે વરસાદ પડે અને તા. ૨૦ સુધીમાં હવામાનના પલટાથી ભારે આંધી-ગાજવીજ સાથે વરસાદ થવાની વકી રહે. સામાન્યતઃ મે માસ અને જૂનની શરૂઆતમાં અવારનવાર આંધી

● અનુસંધાન પાન-૭ પર

**નોટીસ**

સાંચા કામ સબબે તારીખ ૧૪-૫-૧૪, બુધવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો સવારના ૧૧-૦૦ કલાકથી સાંજના ૬-૦૦ કલાક સુધી બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

**૧. સેક્ટર-૧૩ સબ સ્ટેશન**

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

મંડપ કેટરીંગ લાઈટીંગ ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફિસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ચી 93 761 80003 93 288 9 3535 89 80 10 1515

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com